સૌરાષ્ટ્રના ૪૬ અને કચ્છના ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા

રાજ્યના ૨૦૭ ડેમમાં પાણીનો જથ્થો : મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે, સરદાર સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૮૩ ટકા વરસાદ નોંધાયો છે, ત્યારે રાજ્યના ૨૦૭ ડેમમાં કુલ ૬૯.૭૩ ટકા પાણીનો જથ્થો છે. ગુજરાતના કુલ ૨૦૭ પૈકી ૬૧ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૪૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૮૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૩ ડેમ સંપૂર્ણ ભરેલા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૬૯.૫૪ ટકા જથ્થો છે. કચ્છના ૨૦ ડેમ પૈકી ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૬.૮૬ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૬૯.૨૬ ટકા જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ પૈકી ૨ ડેમ સંપૂર્ણ ભરેલા છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે. સરદાર

સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે. તાપીના ઉકાઈમાં સતત પાણીની આવક થઈ રહી છે. ઉકાઈ ડેમમાં ૫૨,૨૪૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ઉકાઈ ડેમની સપાટી ૩૩૩.૨૧ ફુટે પહોંચી છે. હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ જાળવવા ૩ હાઈડ્રો મારફતે ૨૩,૪૦૦ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલનું ઉકાઇ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફુટ છે, જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટ છે. મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો છે. ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હાલ ડેમમાં ૯૨૮૬ ક્યુસેક પાણીની આવક થઇ રહી છે. જ્યારે હાલ ધરોડાઈ ડેમની સપાટી ૬૧૯ ફૂટ છે. ધરોઈ ડેમમાંથી સાબરતમી નદીમાં પાણી છોડાયું છે. જેના પગલે સાબરમતી કાંઠા વિસ્તારોને તંત્રએ એલર્ટ કર્યા છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠાના તંત્રને જાણ કરાઈ છે. ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાના કલેક્ટરોને પણ જાણ કરવામાં આવી છે. હાલ ગુજરાત પર ચોમાસાની વરસાદ આપનારી કોઈ સિસ્ટમ સક્રિય નથી પરંતુ રાજ્યમાં વરસાદી માહોલ બનેલો છે, રાજ્યમાં છૂટો છવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરીને આજે પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે પણ અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સાથે દરિયામાં પણ હલચલ રહેવાની શક્યતાઓ સાથે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે.

૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વ રાજ્ય કક્ષાની વલસાડ ખાતે ઉજવણી

મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને સમારોહ યોજાશે : મંત્રીમંડળના સભ્યો-કલેકટરો જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવશે

ગાંધીનગર, તા.૩૧

ભારતના સ્વાતંત્ર્ય પર્વ-૧૫મી ઓગસ્ટ-૨૦૨૩ની રાજ્યકક્ષાની ઉજવણી વલસાડ ખાતે કરવામાં આવનાર છે. ૧૫મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાનેવલસાડ ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે.રાજ્ય મંત્રી મંડળના સભ્યો-કલેકટરશ્રીઓ વિવિધ જિલ્લામથકોએ ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત આણંદ, પોરબંદર, ખેડા, અરવલ્લી, દેવભૂમિદ્વારકા, સાબરકાંઠા, જામનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, મહેસાણા, અમરેલી, તાપી, ડાંગ અનેભરૂચ ખાતે સંબંધિત જિલ્લાના જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે તેમ, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

રાજ્યના વિવિધ જિલ્લા મથકોએ કયા મહાનુભાવ કયાં ધ્વજ વંદન કરાવશે

ક્રમ	મંત્રીશ્રીનું નામ	જિલ્લો
	કેબિનેટ મંત્રીશ્રીઓ	
૧.	શ્રી કનુભાઈદેસાઈ	નવસારી
૨.	શ્રી ઋષિકેશભાઈ પટેલ	વડોદરા
૩.	શ્રી રાઘવજીભાઈ પટેલ	રાજકોટ
૪.	શ્રી બળવંતસિંહરાજપૂત	સુરત
૫.	શ્રી કુંવરજીભાઈ બાવળીયા	અમદાવાદ
૬.	શ્રી મૂળુભાઈ બેરા	કચ્છ
૭.	ડૉ. કુબેરભાઈ ડિંડોર	છોટાઉદેપુર
૮.	શ્રીમતિ ભાનુબેન બાબરિયા	જૂનાગઢ
	રાજ્યમંત્રીશ્રીઓ	
૯.	શ્રી હર્ષ સંઘવી	દાહોદ
૧૦.	શ્રી જગદીશ વિશ્વકર્મા	બનાસકાંઠા
૧૧.	શ્રી પરષોત્તમભાઈસોલંકી	ગીરસોમનાથ
૧૨.	શ્રી બચુભાઈખાબડ	મહીસાગર
૧૩.	શ્રી મુકેશભાઈ પટેલ	ગાંધીનગર
૧૪.	શ્રી પ્રફુલભાઈપાનશેરિયા	ભાવનગર
૧૫.	શ્રી ભીખૂસિંહજીપરમાર	પંચમહાલ
૧૬.	શ્રી કુંવરજીભાઈ હળપતિ	નર્મદા

અમદાવાદ બાદ સુરતમાં પણ નબીરા બેફામ!

સુરત શહેરમાં કારચાલકે ૫ લોકોને અડફેટે લીધા

સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી માર મારી પોલીસને હવાલે કર્યો

અમદાવાદ, તા.૩૧

સુરતઃ થોડા દિવસ પહેલા અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનાનું પુનરાવર્તન ગઈકાલે રાત્રે સુરતમાં જોવા મળ્યું હતું. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે પાંચ જેટલા લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. કારચાલક નશામાં હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે, જ્યારે સ્થાનિકોએ કારચાલકને માર મારી પોલીસના હવાલે કર્યો હતો. થોડા દિવસ પહેલાં અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનામાં નવ લોકોના જીવ ગયા બાદ સરકાર અને પોલીસ દ્વારા દારૂના નશામાં ગાડી ચલાવી અકસ્માત કરતાં હોય અથવા તો જીવના જોખમે ગાડી ચલાવી લોકો માટે આફત બનતાં લોકો સામે લાલ આંખ કરી છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે, પણ જાણે ગુજરાતમાં લોકોને અકસ્માતો અને પોલીસના કાયદાની બીક રહી નથી તેમ લાગી રહ્યું છે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે બેફામ રીતે ગાડી હાંકી ત્રણ મોટર સાયકલ ઉપર પસાર થઈ રહેલા પાંચ લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને તમામ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતની ઘટના બનતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી તેને માર મારી પોલીસને હવાલે કર્યો હતો. અકસ્માતને લઈને તાત્કાલિક દોડી આવેલા લોકોએ ૧૦૮ની મદદથી ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના દોડી આવી હતી અને કારચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત જઈ રહેલી મુસાફરો ભરેલી લક્ઝરી બસ પલટી

ડ્રાઇવરે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલટી : ૧૦થી વધુ ઘાયલ : ગારિયાધારથી સુરત લક્ઝરી બસ જઈ રહી હતી

ભાવનગર, તા.૩૧

ભાવનગર શહેરમાં ખાનગી લક્ઝરી બસને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. લક્ઝરી બસ પલટી જતાં ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માતની આ ઘટના ઉમરાળાના પરવાળા ગામ પાસે બની હતી. બસ ગારિયાધારથી સુરત જઈ રહી હતી, ત્યારે અકસ્માત નડ્યો હતો. સંતભૂમિ નામની ખાનગી લક્ઝરી બસ પલટી મારી ગઇ હતી. બસ પલટતા ૧૦થી વધુ પ્રવાસીઓ ઘાયલ થયા છે, જ્યારે ઘાયલોને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડાયા છે. ગારીયાધારથી સુરત જઈ રહેલી ખાનગી લકઝરી બસ પલટી જતાં મુસાફરોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ગારીયાધારથી સુરત જતી ખાનગી બસ ઉમરાળા તાલુકાના પરવાળા ગામ પાસે પલટી મારી. ડ્રાઇવરે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલટી મારી હોવાની ચર્ચા. ઈજાગ્રસ્તોને સારવાર માટે ટીંબી હોસ્પિટલ અને ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

અમદાવાદના પોલીસ કમિશ્નર જીએસ મલિકે ચાર્જ સંભાળ્યો

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરના નવા પોલીસ કમિશ્નર જીએસ મલિકે ચાર્જ સંભાળ્યો છે. કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સના એડીજી (એપીએસ) તરીકેની ફરજનો ચાર્જ ગત શુક્રવારે છોડ્યો હતો. ત્યાર બાદ તેઓ સોમવારે અમદાવાદ પહોંચ્યા હતા અને પોલીસ કમિશ્નર તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. અમદાવાદ પોલીસ કમિશ્નરની કચેરીએ જીએસ મલિકે પહોંચીને ચાર્જ વિધિવત ચાર્જ સંભાળ્યો હતો.

નવા પોલીસ કમિશ્નર કચેરી ખાતે હાજર થતા તેમને ગાર્ડ ઓફ ઓનર આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ.નવા કમિશ્નર જ્ઞાનેન્દ્રસિંહ મલિક ૪, જાન્યુઆરી ૧૯૯૪ માં ઈન્ડિયન પોલીસ સર્વિસમાં જોડાયા હતા. મલિકે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા,

ગાંધીનગર અને નર્મદા સહિતના જિલ્લાઓમાં અગાઉ ફરજ બજાવી હતી. તેઓ લાંબા સમયથી કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હતા અને રાજ્ય સરકારે અમદાવાદ કમિશ્નર તરીકે તેમની નિમણૂંક કરી હતી. આ પહેલા સિટી ક્રાઈમના જેસીપી પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરનો ચાર્જ હતો. જેમની બદલી અમદાવાદ રેન્જ આઈજી તરીકે કરવામાં આવી છે.પોલીસ કમિશ્નર પદ છેલ્લા ત્રણ મહિનાથી ખાલી હતુ. આઈપીએસ અધિકારી સંજય શ્રીવાસ્તવ નિવૃત્ત થયા બાદ અમદાવાદ પોલીસ કમિશ્નરની જગ્યા ખાલી હતી. કમિશ્નરનો ચાર્જ શહેરની ક્રાઈમ બ્રાન્ચના જેસીપી પ્રેમવીર સિંહને સોંપવામાં આવ્યો હતો.

મારવાડી કોલેજ ગાંજાના છોડ મામલે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો

એફએસએલના રિપોર્ટ બાદ હોસ્ટેલની નજીક ગાંજો કઇ રીતે આવ્યો તેની તપાસ

રાજકોટ, તા.૩૧

મારવાડી કોલેજ ગાંજા કેસમાં પોલીસે ગુનો નોંધતા કોલેજમાં ચાલતા કાળા કારનામાનો પર્દાફાશ થયો છે. એપ્રિલ માસમાં ગાંજો મળવાના કેસમાં અંતે ફરિયાદ નોંધાઇ છે. જો કે આ કેસમાં પોલીસની કામગીરી સવાલોના ઘેરામાં છે. પોલીસે મારવાડી યુનિવર્સિટીમાંથી મળેલા ગાંજાનો છોડ મામલે કોઇ વ્યક્તિ નહિ પરંતુ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે તો પોલીસ કોને બચાવવા માંગે છે તે મોટો સવાલ છે. આ તરફ એનડીપીએસનો મામલો હોવાથી આ ઘટનાની તપાસ એસઓજીને સોંપવામાં આવી છે. રાજકોટ સાયબર ક્રાઇમના એસીપી વિશાલ રબારીનું કહેવું છે કે, એફએસએલના રિપોર્ટ બાદ હવે હોસ્ટેલની નજીક ગાંજો કઇ રીતે આવ્યો તેની તપાસ હાથ ધરાશે.

આ ઘટનામાં બગીચાના માળી, તે વિંગમાં રહેતા વિધાર્થી, સિક્યુરીટી ગાર્ડ, વોર્ડ મેન સહિતના લોકોની પુછપરછ કરવામાં આવશે અને કોના દ્વારા આ જથ્થો મુકવામાં આવ્યો તે દિશામાં તપાસ હાથ ધરાશે. પોલીસે આ ફરિયાદમાં કોઇ એક વ્યક્તિની જવાબદારી ન રાખતા અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધી છે જે શંકાના દાયરામાં છે.

સામાન્ય રીતે કોઇ ગેરકાનુની પ્રવૃતિ ચાલતી હોય તો તે મિલ્કતના સંચાલક અથવા તો જવાબદાર વ્યક્તિ સામે ગુનો નોંધાતો હોય છે, પરંતુ આ કિસ્સામાં ગાંજાના ૨૪ જેટલા છોડ મળ્યા હોવા છતા પણ મારવાડી કોલેજના સંચાલક કે સિક્યુરિટી સામે ગુનો નોંધાયો નથી આ અંગે પોલીસને પુછતા તેઓએ લૂલો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે ફરિયાદમાં નુકસાન ન થાય તે માટે કોઇ વ્યક્તિનું નામ લખ્યું નથી. પોલીસનો દાવો છે કે જો કોઇ વ્યક્તિનું નામ ફરિયાદમાં હોય અને તે પાછળથી કસુરવાર ન હોય તો ફરિયાદને નુકસાન થાય તેથી કોઇનું નામ લખવામાં આવ્યું નથી.

ફરિયાદ અંગે કોલેજના સંચાલકોએ દાવો કર્યો છે કે અમે પોલીસની તપાસમાં પૂર્ણ સહયોગ આપીશું. આ ગાંજો ક્યાંથી આવ્યો તે અમારા માટે પણ પ્રશ્ન છે અમે કોલેજમાં માવા, સિગારેટ સહિત તમામ નશાકારક ચીજવસ્તુ પર પ્રતિબંધ મૂક્યો છે. જ્યારે આ ઘટના પ્રકાશમાં આવી ત્યારે અમે અમારા કેમ્પસમાં પણ ચકાસણી કરી હતી. એટલું જ નહિ સિક્યુરીટી દ્વારા સમયાંતરે હોસ્ટેલમાં સરપ્રાઇઝ ચેકિંગ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે.ગત એપ્રિલ માસમાં જ્યારે આ ઘટના પ્રકાશમાં આવી ત્યારે પોલીસ કમિશનર દ્વારા એસઆઇટીની રચના કરવામાં આવી હતી. આ એસઆઇટી દ્વારા અલગ અલગ લોકોના નિવેદનો લેવામાં આવ્યા હતા જો કે સાડા ત્રણ મહિનાની તપાસ બાદ પણ એસઆઇટી આ શંકાસ્પદ છોડ ક્યાંથી આવ્યા તે અંગે નક્કર કડી મેળવી શકી નથી તો સવાલ એ છે કે હવે પોલીસ આ શિક્ષણના ધામમાં ગાંજાનું વાવેતર કરનારને પકડી શકશે ખરા.

રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે કમરતોડ બન્યો

રાજકોટ-ગોંડલ નેશનલ હાઇવે પર પારડી ગામથી લઈને શાપર સુધી રસ્તાઓ પર ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે : ગોંડલ, જેતપુર, જૂનાગઢ, પોરબંદર, સોમનાથ જવાનો આ મુખ્ય હાઇવે હોવાથી લાખો વાહન ચાલકો પસાર થાય છે

રાજકોટ, તા.૩૧

હાલ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં વરસાદે તો વિરામ લીધો છે પરંતુ તે બાદ જો કોઈ મોટી સમસ્યા હોય તો એ છે બિસ્માર રસ્તાઓ. રાજ્યના લગભગ તમામ મહાનગરોમાં આ સમસ્યાથી વાહન ચાલકો પરેશાન છે. રાજકોટ શહેરમાં ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય છે તો બીજી તરફ નેશનલ હાઈવે પર પણ ખૂબ જ બિસ્માર રસ્તાઓ જોવા મળી રહ્યા છે. રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે પર પારડી ગામથી લઈને શાપર સુધી રસ્તાઓ પર ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે. જેને લઈને સ્થાનિક લોકો અને વાહનચાલકો ખૂબ જ પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

પારડી ગામ બાદ શાપર ખાતે મોટો ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર આવેલો છે. જેથી રાજકોટથી શાપર મોટી સંખ્યામાં લોકો અપડાઉન કરે છે. જેથી તેઓને સવારે જવાના સમયે એટલે કે ૮ થી ૧૦ વાગ્યા

વચ્ચે અને સાંજે ૫ થી ૭ વાગ્યા વચ્ચે આ હાઈવે પર ૩ થી ૫ કિલોમીટર લાંબી વાહનોની કતાર લાગે છે. આ ઉપરાંત ગોંડલ, જેતપુર, જૂનાગઢ, પોરબંદર, સોમનાથ જવાનો આ મુખ્ય હાઈવે હોવાથી લાખો વાહન ચાલકો દિવસના અહીંયાથી પસાર થતા હોય છે.ઘણી વખત આ ૩ થી ૫ કિલોમીટરનું અંતર પસાર કરતા એક – એક કલાક જેટલો સમય વિતી જાય છે.

રાજકોટએ સૌરાષ્ટ્રનું મુખ્ય મથક છે અને સૌરાષ્ટ્રની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ પણ રાજકોટમાં આવેલી છે જેથી રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જો કોઈને દર્દીને વધુ સારવારની જરૂર પડે તો તેને રાજકોટ ખસેડવામાં આવે છે. તેવામાં આ ટ્રાફિક જામના કારણે અનેક વાર દર્દીઓ ઈમરજન્સીમાં રાજકોટ મોડા પહોંચે છે અને સારવાર પણ મોડી મળે છે.આ ઉપરાંત આ ખાડાઓના કારણે અનેક વખત અકસ્માત સર્જાય છે અને ભરેલા હોય ત્યારે ખાડાઓનો અંદાજ ન આવતા માલવાહક વાહનો પલટી પણ મારી જવાના અનેક બનાવો સામે આવ્યા છે ત્યારે સ્થાનિક લોકો અને અહીંયાથી પસાર થતા વાહન ચાલકો વહેલામાં વહેલી તકે આ રસ્તાનું સમારકામ થાય તેવી માગ કરી રહ્યાં છે.

ઉદાસીનતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આંખે અંધારા આવી જાય તેવા હાલત બને છે અધૂરામાં પૂરું શોશિયલ મીડિયા ના લીધે ગમે ત્યારે નવી વાત આવે છે . શાળાના આચાર્યો માનસીક તાણમાં મુકાય છે જ્યારે સંચલાક મંડળ, સરકાર અને વાલીગણની અપેક્ષાઓ સંતોષવાનું પણ અત્યંત મુશ્કેલ બન્યું છે વધુ વર્ગોવાળી શાળામાં આચાર્યની ફરજ સ્વીકારવાથી ઉમેદવારો દૂર ભાગી રહ્યા છે શહેરના વાલીઓ પણ શિક્ષિત અને જાગૃત છે તંદુરસ્ત સમાજની રચના માટે શિક્ષકો પાસેથી વિશેષ અપેક્ષા પણ રાખવામાં આવે છે બીજીતરફ શૈક્ષણિક સંસ્થાના વડા ઓ ની મૂંઝવણ પણ વધી જાય છે જ્યારે દર મહિને એકમ કસોટી, તેમજ ગુણ ની ઓનલાઈન એન્ટ્રી, શિષ્યવૃતિ, રક્ષાશક્તિ સ્કૂલ્સની કામગીરી, જાતિ પ્રમાણપત્ર તેમજ કલા અને યુવા ઉત્સવ સહિતની બાબતોમાં પણ શિશકો પાસેથી કામ લેવું પડે છે જેના લીધે આરોગ્ય પર વિપરીત અસર થાય છે નગરની શાળામાં આચાર્યના હોદા પર બેસો એટલે બી પી ડાયાબીટીસની જેવી બિમારી ઘર કરી જતી હોવાનો રોષ પણ સંભવિત ઉમેદવારો ઠાલવી રહ્યા છે . બોર્ડની પરીક્ષાની આન્સર કી બનાવવા બોર્ડમાં તજજ્ઞ તરીકેની કામગીરી, સરકારી ઉત્સવોમાં શિક્ષકોની હાજરી, રજાના દિવસે જાહેર પરીક્ષાની કામગીરી, તાલીમ કાર્યક્રમો, મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોની કામગીરીનું ભારણ પણ ખૂબ રહે છે. જે સતત ચાલુ રહે છે જેના લીધે વધારે વર્ગો હોય તેવી સ્કલો માં નહી જવાનું જાણે ઉમેદવારોએ મનોમન નકકી કરી લીધું છે.

ફાયરિંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોપી સિપાહીને હથિયાર સહિત ધરપકડ કરી લીધો છે. કોચમાં બનેલી ફાયરિંગની ઘટના કઈ રીતે બની તે મામલે હવે મુસાફરોની પૂછપરછ કરવામાં આવી શકે છે. આ ઘટના બનવા પાછળનું કારણ શું છે તે અંગે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે રેલવે તથા સ્થાનિક પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસમાં મહત્વના ખુલાસા થઈ શકે છે. ફાયરિંગ બાદ આરોપીએ ભાગવાની કોશિશ કરી હોવાની વિગતો પણ મળી રહી છે. જોકે, તેને પકડી લઈને પોલીસે તપાસ શરુ કરી છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા ઈંહ્લના છજીં સહિત ત્રણ મુસાફરોના મૃતદેહ બોરીવલી સ્ટેશન પર ઉતારીને પોસ્ટમોર્ટમ સહિતની વધુ તપાસ હાથ ધરવામાં આવશે. ધડાધડ ફાયરિંગ ચાલુ ટ્રેનમાં કરાયું જેમાં નિર્દોષ મુસાફરોના મોત થયા હોવાનું હાલ માનવામાં આવી રહ્યું છે. ચેતન અને છજીં ટીકા રામ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બન્ને વચ્ચે છૂટ્ટા હાથની મારામારી થઈ હોવાની વિગતો પણ મળી રહી છે. જોકે, આ પછી આરોપી ચેતન વધુ આવેગમાં આવી જતા તેણે ફાયરિંગ કરી દીધું હતું. જેમાં છજીં ટીકા રામ સહિત ત્રણ મુસાફરોના મોત થઈ ગયા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. મીરા રોડ પર બનેલી આ ફાયરિંગની ઘટના વહેલી સવારે બની છે જેના કારણે ઘણાં સવાલો ઉઠી રહ્યા છે. આ મામલે પોલીસે વધુ તપાસ શરુ કરી છે. મૃત્યુ પામેલા મુસાફરો ક્યાં જઈ રહ્યા હતા અને તેમની આ ફાયરિંગની ઘટનામાં કોઈ ભૂમિકા હતી કે તેઓ મામલો શાંત પાડવા માટે વચ્ચે પડ્યા હતા તે સહિતની બાબતોની તપાસ કરવામાં આવી રહી છે.

ઈસ્યુ કરાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ અંગે વધુમાં જણાવ્યું કે, જાલાન-કાલરોક કન્સોર્ટિયમ જેટ એરવેઝના પુનરુત્થાન માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ માટે, જાલાન-કાલરોક કન્સોર્ટિયમ એરલાઈનને સફળ બનાવવા માટે વ્યૂહરચના વિકસાવવા માટે તમામ સત્તાવાળાઓ, ઉદ્યોગો અને હિતધારકો સાથે મળીને કામ કરશે. ૨૫ વર્ષથી વધુ સમય સુધી સતત ઉડાન ભર્યા પછી, જેટ એરવેઝ ૧૭ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ નબળી નાણાકીય સ્થિતિને કારણે બંધ કરવામાં આવી હતી. જૂન ૨૦૧૯માં, કંપનીની નાદારીની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી હતી. આ પછી, દ્ર્ દ્વારા જાલાન-કાલરોક કન્સોર્ટિયમને આ એરલાઈનને ફરીથી શરૂ કરવાની જવાબદારી આપવામાં આવી હતી. ત્યારથી કોન્સોર્ટિયમ તેને ફરી શરુ કરવા માટે કામ કરી રહ્યું છે. આ માટે કંપનીએ કર્મચારીઓની ભરતી પણ કરી છે.

ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અતીકની બેનાની સંપત્તિની ડીલ કરવા માટે રોકાયો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે, પ્રયાગરાજના જ એક નેતા દ્વારા ગેરકાયદેસર સંપત્તિની ડીલ થવાની હતી. પૂછપરછમાં વિજય મિશ્રા પાસેથી પોલીસને કેટલીક મહત્વની જાણકારી મળી હતી. અતીક અને અશરફની હત્યા બાદ સતત નાસતી ફરી રહેલી તેમની બેગમ શાઈસ્તા પરવીન અને જૈનબના તે સંપર્કમાં હતો. આ બંને મહિલાઓ સાથે તેની મુલાકાત પણ થઈ રહી હતી. વિજય મિશ્રાએ પર આરોપ છે કે, તેણે ઉમેશનું લોકેશન શૂટરને આપ્યું હતું અને તે જેલમાં બંધ અતીકના ભાઈ અશરફ સાથે સતત સંપર્કમાં હતો. રિપોર્ટ્સ પ્રમાણે, તે લખનઉની એક ફાઈવ સ્ટાર હોટેલમાં કોઈ મહિલા સાથે રોકાયો હતો. મહિલાના અતીકના પરિવાર સાથે કનેક્શન હોવાનું પણ કહેવાય રહ્યું છે. આ સિવાય અતીક અને અશરફને જે હોસ્પિટલના પરીસરમાં ગોળી મારવામાં આવી ત્યાં આસપાસ જ વિજય મિશ્રા ઉપસ્થિત હતો. તેના પર અતીકના નામે ખંડણી માગવાનો પણ આરોપ છે.

સરગાસણ વિસ્તારમાં વિવિધ ખોદકામના લીધે ગેસ લાઇન બંધ રહેતા રહીશોને હાલાકી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર શહેરમાં હાલ અત્ર તત્ર ... સર્વત્ર ખોદકામ ચાલે છે. સેકટરોમાં ઠેર ઠેર ખાડ ખોદાયેલા જોવા મળે છે. જો કે વરસાદી સિઝન દરમિયાન ખોદકામ પ્રવૃતિમાં પ્રમાણમાં રાહત છે. ત્યારે અગાઉ થયેલા ખોદકામના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. વરસાદી દિવસોમાં ઠેર ઠેર માટી પોલાણ થવાના લીધે ગાબડા અસ્તિત્વમાં આવે છે. આ સ્થિત વચ્ચે સેકટરવાસીઓને પણ ડગલે પગલે સમસ્યાઓ નડી રહી છે. જયારે વરસાદી દિવસોમાં એક સમસ્યાના ઉકેલ માટે ખોદકામ થતા બીજી સમસ્યા ઉદભવતી હોવાની સ્થિતિ પણ ઘણીવાર ઉભી થાય છે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ વચ્ચે શહેરમાં ખોદકામનુ કામ ઘણાં ઠેકાણે એક યા બીજા કારણોસર કરવામાં આવી રહ્યુ છે. સરગાસણ વિસ્તારમાં પણ આવી જ સમસ્યા ઉદભવી હતી ગેસ લાઇનમાં ટેકનિકલ ખામી દુર કરવા માટે ખોદકામ હાથ ધરવામાં આવ્યુ હોવાનુ સ્થાનિકો જણાંવી રહ્યા છે જયારે આ સ્થિતિ વચ્ચે ગેસ જોડાણ બંધ રહેતા સાંજના સમયે સરગાસણની વિવિધ સોસાયટીઓના રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડી હતી ઘણાં પરિવારોએ ઘરમાં ગેસ જોડાણની લાઇનો બંધ રહેતા સાંજના સમયે બહાર ભોજન કરવા જવાની ફરજ પડી હતી.